## જન્મદિને વધામણી



પિનલ ભુવા



હિરેન વેકરીયા



ઝંખના મેહુલ શાહ
ફોન : ૨૩૨૬૧૪૪૯

# રવિવારે સૅક્ટર-૨૨ ખાતે સર્વ રોગ નિદાન કૅમ્પ

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર અને જુનિયર સિટિઝન કાઉન્સીલના સહયોગથી બ્લડ ડોનેશન કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૦

કલાકારોની બનેલી શહેરની સંસ્થા જી ઈ ક્લબ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના સંયુક્ત ઉપક્રમે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી સર્વ રોગ નિદાન કૅમ્પનું આયોજન આગામી રવિવારે સવારે કરવામાં આવ્યું છે.

મહિલા સિવણ ક્લાસ, પ્લૉટ નં. ૪૦૦, પોલીસ ચૉકી લેન, સૅક્ટર-૨૨ ખાતે સવારે ૯થી ૧૨ દરમ્યાન આયોજિત આ નિદાન કૅમ્પમાં ઑર્થોપેડિક સર્જન ડૉ. બિમલ મોદી, ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. હાર્દિક તલાટી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. મેશ્વા પટેલ, ડૉ. કિંચલ પટેલ, ડૉ. પરેશ વણકર, ડૉ. અચલ મકવાણા, ડેન્ટીસ્ટ ડૉ. જિજ્ઞેશ પટેલ તથા આયુર્વેદ નિષ્ણાત ડૉ. રાજેન્દ્ર વસોયા પોતાની સેવાઓ આપશે.

આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર અને જુનિયર સિટિઝન કાઉન્સીલના સહયોગથી બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ કૅમ્પમાં ભાગ લેવા તથા રક્તદાનના પુણ્યકાર્યનો લાભ લેવા સૌ નગરજનોને આયોજક સંસ્થાઓ દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

### બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા ઍરોબિક્સ ક્લાસનું ઉદ્‌ઘાટન પણ રવિવારે

જી ઈ ક્લબ દ્વારા આયોજિત સર્વ રોગ નિદાન કૅમ્પ સાથે જ બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા ઍરોબિક્સ ક્લાસનું ઉદ્‌ઘાટન પણ રવિવારે યોજાઈ રહ્યું છે. સોમવારથી નિત્ય સવારે અને સાંજે ઍરોબિક્સની તાલીમ ઍકેડેમી ખાતે તાલીમાર્થીઓને આપવામાં આવશે.

# સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલની વિદ્યાર્થીની નિબંધ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ વિજયી



'ટાટા બિલ્ડીંગ ઈન્ડિયા' દ્વારા 'મારા સ્વપ્નનું ભારત ઘડવામાં મારે તથા સૌ યુવાનોનો ફાળો' વિષયની નિબંધ સ્પર્ધામાં સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ધરીતા ચૌધરીએ રાજ્ય કક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્પર્ધાના વિજેતાઓને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળવાની તક આપવામાં આવી હતી, જેમના વરદ્ હસ્તે ટ્રૉફી, પ્રમાણપત્ર અને ઈનામ વિજેતા વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યાં હતાં. ધરીતાની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તરફથી તેને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
તમાશા
૧૨.૪૫
પ્રેમ રતન ધન પાયો
૩.૩૦
એન્ગ્રી ઈન્ડિયન ગોડેસીસ
૭.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૫**
છેલ્લો દિવસ
૩.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦, ૧૨.૩૦

### સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ

# કાયદા વિભાગનો નાણાં વિભાગ સામે ૮૫ રનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૧૦

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં આજે નાણાંવિભાગ અને કાયદા વિભાગની ટીમ વચ્ચે જંગ જામ્યો હતો, જેના અંતે નાણાં વિભાગની ટીમનો ૮૫ રને વિજય થયો હતો.

નાણાં વિભાગની ટીમે ટૉસ જીત્યા બાદ પ્રથમ બૅટીંગ લઈને પાંચ વિકેટે ૧૭૭ રન કર્યા હતા. દિલીપસિંહ રાજપૂતે પાંચ ચોગ્ગા સાથે ૫૪ રન, સંદિપસિંહ ચાવડાએ ૬ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૪૦ રન, શૈલેષ પ્રજાપતિએ ૩ ચોગ્ગા સાથે ૩૯ રન અને વૈભવ મોડે ૧૨ રન કર્યા હતા. કાયદા વિભાગ તરફથી નરેન્દ્રભાઈ કુંભારે ૪ ઓવરમાં બે વિકેટ અને અરવિંદસિંહ વાઘેલાએ ૪ ઓવરમાં ૧ વિકેટ પ્રાપ્ત કરી હતી.

કાયદા વિભાગની ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૯૨ રન કર્યા હતા, જેમાં ગૌરાંગ ઠાકરના ૨૭, અરવિંદસિંહ વાઘેલાના ૨૭ અને રીનીશ ભટ્ટના ૧૫ રન મુખ્ય હતા. નાણાં વિભાગ તરફથી શૈલેષ પ્રજાપતિએ ૪ ઓવરમાં ૩ વિકેટ, ધર્મેશ કહારે ૪ ઓવરમાં બે વિકેટ, સંદિપસિંહ ચાવડાએ ૪ ઓવરમાં બે વિકેટ અને પ્રભુદાસ પટેલે એક ઓવરમાં એક વિકેટ મેળવી હતી. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ દિલીપસિંહ રાજપૂતને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

## ડીપીઍસના બે વિદ્યાર્થીઓ સ્પૉર્ટ્સમાં ઝળક્યા





ગાંધીનગર, તા. ૧૦

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ ખેલકૂદમાં નામ કાઢીને સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

રાષ્ટ્રીય કક્ષાની સ્કૂલ ગેમ્સ ફૅડરેશન ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત ક્રિકેટ સ્પર્ધા માટે સ્કૂલમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધર્મીલ શાહની પસંદગી કરવામાં આવી છે.

ઉપરાંત, સ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી પ્રિયાંશી ભાનુશાલીએ ફેડરેશન દ્વારા ચંદીગઢ ખાતે આયોજિત ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગુજરાત ક્રિકેટ ટીમમાં પસંદગી બદલ શાળા પરિવારે તેને અભિનંદન પાઠવ્યા છે.

# વલાદ ખાતે ઝોન કક્ષાનો રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૦

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ સમિતિ, ગાંધીનગર પ્રેરિત તથા વલાદ પગાર કેન્દ્ર આયોજિત ઝોન કક્ષાનો વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનો રમતોત્સવ આધારશિલા હાઈસ્કૂલ, વલાદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં કબડ્ડી, ખો-ખો, લાંબી કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, દોડ તથા યોગ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ડભોડા ઝોન કક્ષાની ૧૧ શાળાઓના ૨૯૬ કુમાર અને ૨૬૦ કન્યા વિદ્યાર્થીઓ ઉપરાંત ૪૯ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એન એમ રાઠોડ, નાયબ શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર, આધારશીલા હાઈસ્કૂલના મેનેજિંગ ડિરેક્ટર કે ડી પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તથા ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ, રાષ્ટ્રીય શિક્ષક સંઘના પ્રમુખ, ડભોડા બીટ કેળવણી નિરીક્ષક હર્ષદભાઈ પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર, વલાદ ગ્રામ પંચાયતના સરપચ, એસએમસીના સભ્યો, પગાર કેન્દ્રના આચાર્ય-શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વલાદ પગાર કેન્દ્રના આચાર્ય દિપકભાઈ ચાનપુરાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને અંતે સીઆરસી કો-ઓર્ડિનેટર મેરાજભઆઈ ડી રબારીએ આભારવિધિ કરી હતી.

# સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા માનવ અધિકાર દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ડૉ. બી આર આંબેડકર ઍજ્યુકેશન સોસાયટી સંલગ્ન સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા આજે માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

કૉલેજના આચાર્ય ડૉ. દિલિપ મેવાડા તથા પ્રૉ. સોનલ મેવાડાએ માનવ અધિકાર વિષયે વિદ્યાર્થીઓને વિગતે જાણકારી આપી હતી તથા તેમના આ અંગેના પ્રશ્નોના વિગતે જવાબો આપ્યા હતા.

વિદ્યાર્થીઓ ઉપરાંત કૉલેજ સ્ટાફ પણ આ ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો.

# ગુજ. યુનિ. સેનેટની મુદત પૂર્ણ થઈ નવી ચૂંટણી માટે કોઈ કાર્યવાહી નહીં

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીમાં હાલ સિન્ડિકેટ અને સેનેટની ચૂંટણીને લઈને ભારે વિવાદ ચાલી રહ્યો છે. સેનેટ સિન્ડિકેટની મુદત પુરી થઈ ચુકી હોવાથી સભ્યો વહેલી તકે ચૂંટણીની પ્રક્રિયા શરૂ થાય તેવું ઈચ્છી રહ્યા છે. બીજી બાજુ યુનિવર્સિટી સત્તાધીશો ઠંડા કલેજે સરકારની આ ચૂંટણી ન યોજવાની મહેચ્છા પૂર્ણ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

યુનિવર્સિટીના રાજકારણમાંથી ધીમે ધીમે સેનેટ અને સિન્ડિકેટનું અસ્તિત્વ ખતમ થાય તે પ્રકારની કાર્યવાહી યુનિવર્સિટી સત્તાવાહકો કરી રહ્યા હોવાની ચર્ચાએ યુનિવર્સિટી વર્તુળોમાં જોર પકડ્યું છે.

યુનિવર્સિટીમાં સેનેટની મુદત સત્તાવાર પુરી થઈ ચુકી છે. નિયમ પ્રમાણે સેનેટની મુદત પુરી થાય તે પહેલા ચૂંટણી કરી દેવાની હોય છે. હજુ સુધી સેનેટની ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ઉપરાંત સેનેટની ચૂંટણી થાય તે પહેલા મતદારયાદી અંગે સ્પષ્ટતા થવી જોઈએ તે પણ થઈ નથી. નવી મતદાર યાદી તૈયાર કરવા માટે ૩૦મી પહેલા જાહેરનામું બહાર પાડવું જરૂરી હતું પરંતુ તેવી કાર્યવાહી પણ થઈ નથી. જેના લીધે હવે સેનેટની ચૂંટણી થાય તેવી કોઈ શક્યતા નથી. સેનેટની ચૂંટણી ન થાય ત્યાં સુધી સિન્ડિકેટની ચૂંટણી પણ થઈ શકે તેમ નથી. ઉલ્લેખનીય છે કે સિન્ડિકેટની મુદત પણ પુરી થઈ ચુકી છે. ચૂંટણી કરવા માટે સભ્યો દ્વારા છેલ્લા કેટલાય સમયથી ભારે દબાણો કરવામાં આવી રહ્યા છે. પરંતુ સત્તાધીશો કોઈપણ ભોગે ચૂંટણી થાય તેવું ઈચ્છતાં નથી. આ માટે સત્તાધીશો કહે છે સરકારે હજુ સુધી ૮૫ કોલેજો નવી યુનિવર્સિટીમાં જોડવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું નથી.

# આપણી માનસિક શક્તિમાંથી ઊઠતા તરંગો સૌથી વધુ સુંદર અને શક્તિશાળી હોય છે

## પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવવા કે ઈચ્છિત રેન્ક પ્રાપ્ત કરવા વિદ્યાર્થીએ સ્વપ્રેરિત થઈ ખંત, ઉત્સાહ, લગન અને એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ

પરીક્ષામાં ઉચ્ચ પરિણામ મેળવવા કે ઈચ્છિત રેન્ક પ્રાપ્ત કરવા વિદ્યાર્થીએ સ્વપ્રેરિત થઈ ખંત, ઉત્સાહ, લગન અને એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ સાથે-સાથે આ લેખમાં બતાવેલા માનસિક પ્રયાસો વારંવાર કરવા અનિવાર્ય છે, કારણ કે માનસિક પ્રયાસો આપણને ધારેલી સફળતા અપાવતા હોય છે. બીજું, હમેંશા યાદ રાખવું જોઈએ કે ખંત, ઉત્સાહ, ઉત્સુકતા, જિજ્ઞાસા રસ અને એકાગ્રતાપૂર્વક કરેલી પરીક્ષા કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ક્યારેય ભૂલાતી નથી..

ડૉ. બ્રુનો ફ્રૉટેએ સંશોધિત કર્યુ છે કે, "૨૫% વાંચવાથી; ૩૫% સાંભળવાથી; ૫૦% નિરીક્ષણથી; ૬૦% બોલવાથી; ૭૫% લખવાથી અને ૯૫% મનનથી (આંખો બંધ કરી) યાદ રહે છે." ("અસંભવ...સંભવ", લેઃ બિસ્વરૂપ રોય ચૌધરી, પૃ-૧૧૧) ડૉ. થાર્નડાઈકે તારવ્યું છે કે, "વિદ્યાર્થી અવસ્થામાં જો આપણી યાદશક્તિ ઓછી થાય તો પોતાની જાતને દોષિત માનવી જોઈએ." ("ડાઈનેમિક મેમરી મેથડ્સ", લેઃ બિસ્વરૂપ રોય ચૌધરી, પૃ-૨૦) થોમસ ડી. કવીન્સ કહે છે, "અંતિમ ભૂલી જવાઈ એવી કોઈ બાબત નથી. એકવાર સ્મૃતિમાં તેના અંશો અંકિત થઈ જાય પછી સ્મૃતિને ભૂંસવી અશક્ય છે." (મેમરી પાવર, લે-ડૉઃ ભાણજી એચ. સોમૈયા, પૃ-૧૮) એક સંશોધન અનુસાર. "ભણવા ખાતર ભણનારા વિદ્યાર્થીઓ ૩૫% થી ૪૫% માર્ક્સ મેળવે છે. માતા-પિતા-શિક્ષક પ્રેરિત વિદ્યાર્થીઓ ૪૫% થી ૫૯% માર્ક્સ મેળવે છે. મહત્વાકાંક્ષા સ્વપ્રેરિત વિદ્યાર્થીઓ ૬૦% થી ૯૮% માર્ક્સ મેળવે છે."



આ લખાણ પ્રાચીન શાણપણ, વૈશ્વિક જ્ઞાન અને આધુનિક મનોવૈજ્ઞાનિક સત્યો-તથ્યોથી સભર છે. આ લેખમાં તેને સમાવિષ્ટ કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે. હું તો માત્ર નીમિત્ત બન્યો છું. માટે ૧૦૦% વિશ્વાસ રાખીને આ વૈચારિક સામગ્રીનો ઉપયોગ કરજો. તમે ધારેલા માર્કસ, ગુણ રેન્ક અવશ્ય પ્રાપ્ત થશે જ. ધારણા, કલ્પના અને માન્યતા એ મનોવૈજ્ઞાનિક તત્વો છે. જેમણે-જેમણે ધારણા કરી, કલ્પના કરી અને ધારણા-કલ્પનાને માની તેઓ મન ઈચ્છિત સફળતાના સ્વામી થવા પામ્યા છે.

આ લખાણનો સક્ષેપમાં સાર કંઈક આ પ્રમાણે છે. ".....જ્યારે કોઈપણ વિદ્યાર્થી પરીક્ષા કે સ્પર્ધાત્મક પરીક્ષામાંમાં કેટલા માર્ક-ગુણ આવશે? કેટલામી રેન્ક આવશે? એ મનોમન ધ્યેય નિર્ધાર કરીને; એ ધારણાને ઊંડા શ્વાચછોશ્વાસ, ઓટોસજેસન, પ્રાર્થના, ધ્યાન દરમ્યાન વારંવાર સર્જનાત્મક કલ્પના કરીને; એ ધારણા-કલ્પનાને વિશ્વાસપૂર્વક વારંવાર માનીને; એ ધારણા, કલ્પના અને માન્યતા સબંધીત વારંવાર વિધાયક બોલીને; એ ધારણા, કલ્પના અને માન્યતા

**વાચકોની કોલમ**

સબંધીત વારંવાર સાંભળીને; એ ધારણા, કલ્પના અને માન્યતા સબંધીત વારંવાર પૂર્વાનુભૂતિ કરીને; એ ધારણા, કલ્પના અને માન્યતા સબંધીત વારંવાર પ્રતિમા સર્જન કરીને; એ ધારણા, કલ્પના અને માન્યતા સબંધીત વિધાયક અભિગમ કેળવીને; વિધાયક અભિગમ સાથે પરીક્ષાખંડમાં પ્રવેશીને; પ્રશ્નપેપરનું વિધાયક અર્થઘટન કરીને; વિધાયક અભિગમ સાથે અને વિજેતાની અદાથી તમામ પ્રશ્નોના સંપૂર્ણ જવાબો લખશે તો; તે વિદ્યાથીએ મનોમન ધારેલા માર્કસ, ગુણ કે રેન્ક હકીકતમાં મળશે...."

વિદ્યાર્થી જ્યારે આ સઘળી ઉપરોક્ત માનસિક અને કાલ્પનિક ક્રિયાઓ નિયમિત-વારંવાર કરે છે ત્યારે વિદ્યાથીના મગજમાં ચોક્કસ પ્રકારના મનોકંપનો- આલ્ફા તરંગો મગજમાં ઉત્પન થાય છે; જેનાથી વિદ્યાર્થીનું ૯૦% ક્ષમતા ધરાવતુ જમણું મગજ-આંતરમન સક્રિય થાય છે; પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીએ ધારેલા માર્ક્સ હકીકતમાં પરીક્ષામાં મળે છે. આ માનવમનનો સનાતન, વૈશ્વિક, અફર અને અતૂટ સિદ્ધાંત છે. માટે જ માનસિક ક્રિયાઓની મહત્તા કરતાં ચાર્લ હોનેલ લખે છે કે, "માનસિક શક્તિમાંથી (માનસિક બળમાંથી) ઊઠતાં તરંગો (સ્પંદનો) સૌથી વધુ સુંદર અને સૌથી વધુ શક્તિશાળી હોય છે." ("ધ સિક્રેટ", લે-રોન્ડા બર્ન)

માત્ર પૂર્વશરત એ છે કે વિદ્યાર્થીએ ધારેલા માર્કસ, ગુણ કે રેન્ક મુજબ તનતોડ પરીક્ષાની તૈયારી કરવી જોઈએ. તેમજ પરીક્ષામાં કે સ્પર્ધાત્મક પરીક્ષામાં બધા પ્રશ્નોના તમામ જવાબો અસરકારક, આકર્ષક, વિશિષ્ટ, જ્ઞાનસભર, મુદાસર, સચોટ, સાચા, સુંદર અક્ષરે, સુઘડતાથી લખવા જોઈએ; કારણ કે પરીક્ષા લેખિત છે.

પરીક્ષા અંગે મહત્વની બાબત એ છે કે વિદ્યાર્થીઓએ પરીક્ષા સંદર્ભે ખૂબ જ જાગ્રત અને સભાન હોવા જોઈએ. જે વિદ્યાર્થીઓ પરીક્ષા સંદર્ભે સભાનતા અને જાગૃતતા કેળવતા નથી; તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા નજીક આવતા મનમાં શંકા, ગભરામણ, ચિંતા, ભય અને ડર અનુભવે છે; પરિણામે આખુ વર્ષ વાંચ્યું હોવા છતાં, પણ પરીક્ષામાં ધાર્યા માર્ક્સ આવતા નથી. તો બીજી બાજુ જે પરીક્ષા નજીક આવતા મનમાં રોમાંચ, આશા, આનંદ, ઉમંગ, ઉત્સાહ અનુભવે છે; તેવા વિદ્યાર્થીઓ પુરા વર્ષ દરમ્યાન ઓછી તૈયારી કરી હોય; પણ ... પરીક્ષા દરમ્યાન પોઝીટીવ એટીટ્યુડ સાથે મહેનત કરે તો; ઓછી મહેનતે સારા માર્કસ મેળવતા હોય છે. માટે પ્રત્યેક વિદ્યાર્થીએ પરીક્ષા સદર્ભે જાગૃતતા અને સભાનતા કેળવવી અનિવાર્ય છે.

**- ડો. ભાણજી એચ. સૌમૈયા**

# સ્ટાર પ્રિયંકા ચોપડા દિવસમાં ૧૬ કલાક કામ કરે છે



બોલિવુડની નંબર વન અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ કહ્યુ છે કે તે પોતાની સ્થિતીને જાળવી રાખવા અને નાણાં એકત્રિત કરવા માટે દરરોજ ૧૬ કલાક સુધી કામ કરી રહી છે. તેનુ કહેવુ છે કે તેની પાસે આજે પણ લાઈફ એન્જોય કરવા માટે બિલકુલ સમય નથી. રાષ્ટ્રીય એવૉર્ડ વિજેતા અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ કહ્યુ છે કે તે હાલમાં કેટલાક પ્રોજેક્ટમાં કામ કરી રહી છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં આજે તે ઘર ઘરમાં જાણીતી થઈ ગઈ છે. તે અમેરિકન શો ક્વાન્ટિકો મારફતે ભારે લોકપ્રિય થઈ ગઈ છે. પ્રિયંકાએ કહ્યુ છે કે તે દિવસમાં ૧૬ કલાક સુધી રોજ કામ કરી રહી છે. તે કોઈ રજા માણી રહી નથી. તે કોઈ જન્મદિવસ ઉજવી રહી નથી. હોલિવુડની ફિલ્મોમાં કામ કરશે કે કેમ તે અંગે પુછવામાં આવતા પ્રિયંકાએ કહ્યુ હત કે અમેરિકી શોમાં તે કામ કરી રહી છે. તે હિન્દી ફિલ્મમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. જેથી બિનજરૂરીરીતે કોઈ હોલિવુડ ફિલ્મ મેળવી લેવા માટે તે પ્રયાસ કરી રહી નથી. તે પોતાની શરત પર જ કોઈ ફિલ્મમાં કામ કરે છે. કોઈની સામે કોઈ પુરાવા કુશળતાના આપવાની તેને કોઈ જરૂર નથી. પ્રિયંકા અને દિપિકા વચ્ચે ખુબ સારી મિત્રતા થઈ ગઈ છે. પ્રિયંકાએ કહ્યુ છે કે દિપિકા સાથે સારી મિત્રતા માત્ર ફિલ્મો સુધી મર્યાદિત નથી. દિપિકા અને પ્રિયંકા અનેક વખત એક સાથે ફિલ્મ નિહાળવા માટે પણ જાય છે. મેરી કોમ સ્ટારે કહ્યુ છે કે તે પોતાની આવનારી ફિલ્મોને લઈને ભારે આશાવાદી છે.

નિર્માતા સંજય લીલા ભણશાળીની આગામી ફિલ્મ બાજીરાવ મસ્તાનીમાં દિપિકા અને પ્રિયંકા બન્ને એક સાથે કામ કરી રહી છે. જેમાં પેશવા બાજીરાવ તરીકેની ભૂમિકામાં રણવીરસિંહ નજરે પડનાર છે. આ ફિલ્મ ટુંક સમયમાં જ રજૂ થનાર છે. ફિલ્મ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૧૮મી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. પ્રિયકા પાસે અન્ય કેટલીક મોટા બેનરની ફિલ્મો છે. જેમાં પ્રકાશ ઝાની ગંગાજલ-૨ ફિલ્મનો સમાવેશ થાય છે.